# Workshop

Date : 23/04/2026

## DRAMA AS A LIFE SKILL: COMMUNICATION, CREATIVITY & CONFIDENCE















તા. 23-04-2026 ના રોજ 'DRAMA AS A LIFE SKILL: COMMUNICATION, CREATIVITY & CONFIDENCE' વિષય પર રાજ્ય કક્ષાનો વર્કશોપ યોજાયો હતો. આ કાર્યક્રમમાં વિષય નિષ્ણાત ડૉ. આશિષ ઠાકર અને ડૉ. મોનશ ઠાકર દ્વારા નાટ્યકલા દ્વારા સંવાદ કૌશલ્ય, સર્જનાત્મકતા અને આત્મવિશ્વાસના વિકાસ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વર્કશોપમાં પ્રાયોગિક પ્રવૃત્તિઓ અને ગ્રુપ એક્ટિવિટીઝ દ્વારા ભાગલેનારાઓને સક્રિય રીતે જોડવામાં આવ્યા હતા. વિશેષતા એ રહી કે એજ્યુકેશન વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ ઉપરાંત અન્ય વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓએ પણ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પરિણામે, આ વર્કશોપ એક આંતરવિષયક (Interdisciplinary) મંચ તરીકે વિકસ્યો, જ્યાં વિવિધ ક્ષેત્રોના ભાગલેનારોએ નાટ્યકલા દ્વારા જીવનકૌશલ્યોનું વિકાસ કરવાનો અનોખો અનુભવ મેળવ્યો. અંતે તમામ સહભાગીઓને પ્રમાણપત્ર (Certificates) પણ આપવામાં આવ્યા હતા.

Expert Lecture

Date : 10/02/2026

# વર્ગખંડમાં વાર્તા કથન : એક સર્જનાત્મક અભિગમ








તા. 10-02-2026 ના રોજ વર્ગખંડ શિક્ષણને વધુ રસપ્રદ અને અસરકારક બનાવવા માટે “વર્ગખંડમાં વાર્તા કથન : એક સર્જનાત્મક અભિગમ” વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું . આ વ્યાખ્યાનમાં એસ .વી હાઈસ્કૂલના શિક્ષકશ્રી કનુભાઈ પટેલ સાહેબે વાર્તા કથનનું શૈક્ષણિક મહત્વ અને તેના વર્ગખંડમાં થતા લાભો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું. તેમણે સમજાવ્યું કે વાર્તા કથન દ્વારા વિદ્યાર્થીઓમાં કલ્પનાશક્તિ, સાંભળવાની ક્ષમતા, ભાષાકૌશલ્ય તેમજ મૂલ્યશિક્ષણને અસરકારક રીતે વિકસિત કરી શકાય છે. વર્ગખંડમાં વાર્તા કથન કેવી રીતે સર્જનાત્મક શિક્ષણ પદ્ધતિ તરીકે ઉપયોગી બની શકે તે બાબતને ઉદાહરણો સાથે સમજાવી, અને તાલીમાર્થીઓને વ્યાવહારિક સૂચનો આપ્યા. તેમના વ્યાખ્યાનથી તાલીમાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે નવી દૃષ્ટિ અને ઉત્સાહ જોવા મળ્યો.

Workshop

Date : 31/12/2025

# ગુજરાતી જોડણી સજ્જતા










તા. 31-01-2026 ના રોજ તાલીમાર્થીઓમાં ગુજરાતી ભાષા અને વ્યાકરણ સજ્જતાના વિકાસ હેતુસર "ગુજરાતી જોડણી સજ્જતા" વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. તેમાં તજજ્ઞ તરીકે શ્રી જેઠાભાઈ સાહેબે ઉપસ્થિત રહી દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ તાલીમાર્થીઓને ગુજરાતી વ્યાકરણ અને જોડણી વિષયક ઉંડાણપૂર્વકનું જ્ઞાન તથા વ્યવહારુ માર્ગદર્શન આપ્યું હતું.

**Expert Lecture**

Date : 11/12/2025

# VEDIC MATHS & COMPETITIVE EXAM TRICKS













તા. 11/12/2025 ના રોજ "Vedic Maths & Competitive Exam Tricks" વિષય પર વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં તજજ્ઞશ્રી યોગેશ પ્રજાપતિ હાજર રહ્યા હતા.જેમાં તાલીમાર્થીઓ વિવિધ પ્રકારની ગણતરીઓ ઝડપથી કેવી રીતે કરી શકાય અને સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયોગી બને તે માટેની નાની જાદુઈ ટ્રીકો શીખવવામાં આવી હતી. જેમાં બંને કોલેજના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર વર્કશોપનું સંચાલન HOD ડૉ. જગદીશ એસ. પટેલના માર્ગદર્શન હેઠળ પ્રા.ભૃગેશકુમાર  પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

Soft Skill Training

Date : 17/07/2025

# FROM SILENCE TO STAGE : THE ART OF PUBLIC SPEAKING














તા. 17/07/2025 ના ગુરુવારના રોજ B.Ed ના તાલીમાર્થીઓ માટે “Personality Development” કાર્યક્રમ અંતર્ગત **“From Silence to Stage: The Art of Public Speaking”** વિષય પર એક વિશેષ સત્ર યોજાયું.આ સત્રના રિસોર્સ પર્સન તરીકે Children's Research University, ગાંધીનગર ના પ્રખર પ્રાધ્યાપક ડૉ. કૃણાલ પંચાલ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ તાલીમાર્થીઓને જાહેર ભાષણની કલાની સમજ આપી હતી અને ખાસ કરીને સ્ટેજ ફિયર દૂર કરવાનો માર્ગ દર્શાવ્યો હતો. ઉપરાંત, આત્મવિશ્વાસના વિકાસ, અવાજના યોગ્ય ઉપયોગ, શારીરિક ભાષા (Body Language) તથા રજૂઆતની અસરકારક પદ્ધતિઓ વિષે વિસ્તૃત માહિતી આપી હતી.ડૉ. પંચાલે વિવિધ જીવનપ્રેરક ઉદાહરણો અને સક્રિય પ્રવૃત્તિઓ દ્વારા તાલીમાર્થીઓને પ્રેરણા આપી, જેને વિદ્યાર્થીઓએ ખૂબ પસંદ કર્યું હતું. તેમની અનોખી અને જીવંત રજૂઆત શૈલીએ સમગ્ર સત્રને જીવંત બનાવી દીધું હતું.